**આંક –89**

| સેશન્સ કેસ નંબરઃ– 65/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | રબારી માવજીભાઈ હરીભાઈ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 7984110534 |
| ઉંમર આશરે | ૪૫ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રાણપુર તા. ડીસા | | ડીસ્ટ્રીક્ટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું ૨ ચોપડી ભણેલો છું અને હાલમાં હુ ખેતીનો ધંધો કરુ છું. મારી પોતાની માલીકીની સ્વીફ્ટ ગાડી નં. જી.જે.૮ બીબી ૪૪૮૪નો ઘરકામ માટે ઉપયોગ કરુ છું. બનાવને અંદાજે અઢી ત્રણ વર્ષ જેટલો સમય થયેલો છે. બનાવ સમયે હું મારા ઘરે ખેતરના ફાર્મ હાઉસ પર હતો. બનાવના સાંજે સાત સાડા સાત વાગ્યે મગફળીના નિંદણ માટે મજુરો લેવા કનુભાઈ તથા પોપટભાઈના ઘરે ગયેલો. પોપટભાઈએ તે સમયે મજુરોને ફોન કરેલો અને કહેલ કે મારે પાંચ મજુરો જોઈએ છીએ અને માવજીભાઈને બાર મજુર જોઈએ છીએ. પછી હુ ત્યાંથી નીકળી ગયેલ તે સમયે રસ્તામાં હતો અને મજુરનો ફોન આવેલ અને કહેલ કે સવારે મજુર આવી જશે. પછી હું મારા ઘરે ગયેલ અને જમી લીધેલ ત્યારે હું ખાટલા પર બેઠેલ હતો ત્યારે પોપટભાઈના મોબાઈલ ઉપરથી કનુભાઈએ રાત્રે નવથી સાડા નવ વાગ્યાની વચ્ચે ફોન કરેલ અને કહેલ કે પોપટભાઈને કોઈએ છરી મારી છે તમે ગાડી લઈને આવો ત્યારે હું મારી સ્વીફ્ટ ગાડી લઈને નીકળ્યો તો રસ્તામાં આ લોકો રીક્ષા લઈને સામે કનુભાઈ અને પોપટભાઈ મળેલા અને પછી મારી ગાડીમાં હું તથા કનુભાઈ તથા પોપટભાઈ સરકારી હોસ્પિટલ ડીસા ખાતે ગયેલા અને ત્યાં ડોકટરે પ્રાથમિક તપાસ કર્યા બાદ કહેલ

સાહેદની સહી............................

કે પોપટભાઈ ગુજરી ગયેલ છે. ત્યારબાદ મે કનુભાઈને આ પોપટભાઈના મૃત્યુ બાબતે પુછેલુ ત્યારે તેમણે જણાવેલ કે પોપટ મામા ઉપર ફોન આવેલો અને કહેલ કે પોપટભાઈ પ્રાથમિક શાળાએ હનુમાનના મંદિરે ગયેલા છે, પરંતુ તે કેવી રીતે ગયેલા છે તે મને જણાવેલ નહી. ત્યારે કનુભાઈએ મને વાત કરેલ કે આ રીક્ષાવાળા રમેશભાઈ નરસિંહભાઈનો મારા પર ફોન આવેલ અને તેમણે મને કહેલ કે પ્રાથમિક શાળાના કોર્ટ પાસે રોડ ઉપર કંઈક પડયુ છે પણ મને તારો ભાઈ પોપટ હોય તેવુ લાગે છે. કિરણબેન બળવંતજી એ કનુભાઈની ભાણી થાય છે. કિરણબેને કનુભાઈને કહેલ હતુ કે આ પોપટભાઈ પ્રાથમિક શાળા બાજુ ગયેલા હતા અને ત્યાં પડેલા હતા અને ત્યાં રેણુકાબેન ત્યાં આવેલા હતા અને પોપટભાઈ કેવી રીતે ગુજરી ગયા અને તેને શુ માર્યુ તેની મને ખબર નથી. કનુભાઈએ મને કહેલ કે પોપટભાઈને પેટમાં કોઈએ છરીથી ઘા મારેલ છે. મે પોપટભાઈને જોયેલ નથી. આ બનાવ બાબતે મે કોઈને જાણ કરેલી નથી. આ બનાવની ફરીયાદ કનુભાઈએ કરેલી હતી. પોલીસે મારી પુછપરછ કરેલી ત્યારે મે મારુ નિવેદન લખાવેલ હતું. મને પાછળથી પણ પોપટભાઈને કોણે મારેલ હતો તેવુ જાણવા મળેલ નહી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી ઉલટ તપાસ તરફે વિ.વ.શ્રી. આર.એન.ચૌધરી...</u>**

(૨) એ વાત ખરી છે કે જગશીજી નાથુજી વાઘેલા (ઠાકોર) તથા જોરાભાઈ રત્નાભાઈ વાઘેલા(ઠાકોર), અરવિંદજી અગરાજી વાઘેલા(ઠાકોર), બાબુજી રાણાજી વાઘેલા(ઠાકોર), બળવંતજી મણાજી વાઘેલા(ઠાકોર), દલાજી ચતુરજી વાઘેલા(ઠાકોર) આ મરણજનારના સબંધીઓ થાય છે. એ વાત ખરી છે કે બનાવ

મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે મરણજનારને કોણે ઈજા કરી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે મરણજનાર અને અમારે એકબીજાને ઘરે જવાનો સબંધ હતો. એ વાત ખરી નથી કે હું સરતપાસમાં જણાવેલી હકીકત ખોટી જણાવુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૩૦–૦૧–૨૦૨૬ | છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................